
# ડીસાના આનંદ મેળામાં ડાન્સીંગ ચકરડાં પરથી પટકાતા યુવક ગંભીર

ડીસા, તા. ૨૯

ડીસાના રેલ્વેસ્ટેશન વિસ્તારમાં નીયમો અને સરતોનો ભંગ કરી ધમધમી રહેલ જાહેર દુષણ સમાન આનંદ મેળામાં અકસ્માત સર્જવાની ભીતી પ્રિન્ટ તેમજ ઈલેક્ટ્રોનીક મીડીયાએ રજુ કરી કાગરોળ મચાવ્યો હતો અને આ મેળાને તાત્કાલીક અસરથી અનેક ક્ષતીઓ હોઈ તેને તાળા બંધી કરવા જાહેર હીતાર્થે અહેવાલો પ્રસીધ્ધ કર્યા હતો. જોકે કોઈ અગમ્ય કારણોસર પરમીશન અને કેહવાતા પરવાનાની બાબતોમાં તંત્રે જીલ્લા કલેક્ટરની કહેવાતી મંજુરી આગળ ધરી આંખ આડા કાન કરી જવાબદારીમાંથી છટકવાનો પ્રયત્નો કર્યો હતો જો કે મીડીયાના અહેવાલોને સમર્થન મળ્યુ હતું. અને ખખડ ધજ ભાસતા આનંદ મેળામાં ગત રાત્રીએ એક યુવક ડાન્સ ચકરડામાં સવાર થતા અકસ્માતે નીચે પટકાયો હતો. અને તબીબી ભાસામાં કહી સકાય તેવા સંભવીત બ્રેઈન હેમરેજનો સીકાર થતા તેને મહેસાણ ખાતે સારવાર અર્થે ખસેડાર્યો હતો આ યુવક હાલ જીવન મરણ વચ્ચે હોસ્પિટલમાં ઝોલા ખાઈ રહ્યો છે. ત્યારે આ અકસ્માતમાં તંત્રે સમય સર યોગ્ય પગલા લીધા હોત તો આ અકસ્માત ટાળી શકાયો હોત. તેવી શહેર ભરમાંથી ચર્ચા સ્પદ બનેલ છે.

આ બનાવની વિગતો જોઈએ તો ડીસા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં મા ખોડીયાર અમ્યુઝમેન્ટ પાર્ક નામ ધારી આનંદ મેળો આવેલ હતો. આ મેળાના સંચાલકને જીલ્લા કલેક્ટર કચેરી દ્વારા નીયમો અને શરતો આધીન તેમજ જાહેર સુલેહ શાંતી અને લોકોના જીવન સાથે કોઈ ગંભીર ચેડાન થાય તેની પુરતી કાળજી લેવાની શરતે મંજુરી અપાઈ હતી જોકે આ મેળામાં પરપ્રાંતીય ઈસમો દ્વારા ચલાવાતા મોટા ચકડોળો અને ચકરડી સહીતનાં સાધનો અત્યંત જુના અને ભય જનક હોઈ ગમે તે ક્ષણે મોટો અકસ્માત સર્જાય તેવી ભીતી સેવાઈ રહી હતી. વળી વિજ કનેક્શન મા પણ ચારેય તરફ ભય જનક જીવંત વાયરો લટકતા હોઈ આ મેળો નિર્દોશ આનંદની જગ્યાએ મોતનો સામાન બનતા શહેરભરમાં આ મેળાનો ભય ફેલાયો હતો. વળી તાજેતરમાં

અમદાવાદ ખાતે આવેલા એક આનંદ મેળામાં ધોરણ નવમાં અભ્યાસ કરતો માસુમ મયુર ઠાકોર નામનો બાળક અચાનક ગાયબ થયો હતો. ૧૪મી જુને ગાયબ થયેલ આ બાળકની લાશ અમદાવાદથી દુર બનાસકાંઠા જીલ્લામાંથી ૩૦મી જુને મળી આવતા ખળભળાટ ફેલાયો હતો. જોકે તે બાદની પોલિસ તપાસમાં આ મૃત બાળક આનંદ મેળાના સંચાલકોની બેદરકારી એ વીજ કરંટ લાગતા મરણ ગયેલ હોવાનું બહાર આવ્યું હતું. અને આ બાબત છુપાવવા માસુમ મયુર ઠાકોરની લાસને બનાસકાં જીલ્લામાં ફેંકાઈ હતી પોલિસે આ મામલાની તપાસ કરી દોષીત મેળાના સંચાલકોને જેલ હવાલે કર્યા હતા. તેવાજ સમયે ડીસામાં સરકારનો આવા મેળાઓ ઉપર પ્રતીબંધ હોવા છતા મંજુરી અપાતા આ મેળો ચર્ચા સ્પદ બનેલ હતો. ડીસા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહ થી આ મેળો મોતના સામાન સાથે ધમધમી રહ્યો હતો. આ મેળાની કહેવાતી પરમીશન કે પરવાનો શરતો અને નિયમો આધીન અપાયેલ હોવાનુ તંત્રએ જણાવી રહ્યું છે. ત્યારે બીજી તરફ આ મેળામાં વર્ષો જુના ખખડધજ અને ભય જનક કહી શકાય તેવા ચકડોળો તેમજ ચકરડીઓ ચલાવી રહ્યા હતા.


(તસવીર : ધનેશ પરમાર, ડીસા)

વળી, જીવંત વીજ વાયરો અને ખુલ્લા ફ્યુંઝો સાક્ષાત મોતને આમંત્રણ આપતા હોય તે રીતે લટકતા અને જેતે યંત્રોમાં લગાડેલા જોવા મળતા આ મેળો લોકો માટે ભય જનક પુરવાર થયો હતો. આ મેળામાં સંચાલકો દ્વારા આપાતકાલીન વ્યવસ્થા માટે યોગ્ય એમ્બ્યુંલન્સ, તબીબી સારવાર, ફાયર ફાઈટર, ફાયર સેફટી ડીવાઈસ વિગેરે લગાવામાં આવેલ ન હોઈ,જેથી આ મેળો જાહેર દુષણ સમાન બનેલ હતો.

આ મામલે ડીસા શહેર ભાજપ પ્રમુખ શશીકાંતભાઈ પંડ્યા એ જણાવેલ કે તંત્રે આ મેળાનું જાત નિરીક્ષણ કરી યોગ્ય તપાસ કરવી જોઈએ અને ક્ષતી દેખાય તો તાત્કાલીક આ મેળાની સંભવીત અકસ્માત ફેલાય તે પહેલા પરમીશન પરત લેવી જોઈએ તેવું જણાવ્યું હતું.પરતુ તંત્ર દ્વારા કોઈપણ પગલા નલેવાતા ગત રાત્રીએ દશામાના વ્રતનો છેલ્લો દિવસ અને જાગરણ હોવાથી આ આનંદ મેળાની અંદર મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા. આ મેળામાં રાત્રીના અગીયાર વાગ્યાસુધીની પરમીશન હોવા છતા મેળો રાત્રીના બે વાગ્યા સુધી પોલીસની હાજરીમાં ધમધમતો હતો .અને મોડી રાતના બાર વાગ્યા આસપાસ ડાન્સીંગ ચેર માં એક ઈસમ દીપકકુમાર ધનેશભાઈ સીંધી ઉમર વર્ષ-૨૫ રહે.સીંધી કોલોની ડીસા જે આ ચકડોલ માંથી નીચે પટકાયો હતો. જેને તાત્કાલીક સારવાર અર્થે પ્રથમ ડીસાની ભણસાલી હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ત્યાર બાદ તબીબી તપાસમાં અકસ્માતમાં ઘાયલ યુવકને માથાના ભાગની ગંભીર ઈજાઓએ તેની હાલત વધુ ગંભીર જણાતા વધુ સારવાર માટે મહેસાણા ખસેડવાની ફરજ પડી હતી. હાલ આ યુવક જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. આ બનાવ બન્યા બાદ તંત્ર દ્વારા કોઈપણ પગલા લેવાયા નથી.

ડીસામાં પણ અમદાવાદના આનંદ મેળામાં અકસ્માતમાં એક કીશોરે જીવ ગુમાવ્યા જેવીજ ઘટના બનતા આ આનંદ મેળાઓની સુરક્ષા વ્યવસ્થા પર અનેક સવાલો ઉભા થયેલ છે. મેળા સંચાલકોએ માનવતા ગુમાવી સમગ્ર મામલાને દબાવી ઢાંક પીછોડ કરવાનો પ્રયત્નો કરેલ છે. વળી આ મેળાની અંદર ચુસ્ત પોલીસ બંદોબસ્ત , પ્રાઈવેટ સિક્યુરીટી ગાર્ડો તેમજ મેળાના માણસો હોવા છતા આ બનાવ બન્યો છે. આ બાબતે સંચાલકનો પંકજભાઈ નો સંપર્ક કરતા તેમને આ બનાવગ અંગે હું મેળાની બહાર હતો. અને હુ કાંઈ જાણતો નથી. તેવું જણાવ્યુ હતું.




## ગુજરાત પ્રદેશ માનવ અધિકાર એસોસીએશનના ચેરમેન પદે દલસુખભાઈ પ્રજાપતિ


ઓલ ઈન્ડિયા હ્યુમન રાઈટસના ચેરમેન ડેવિડ રાજે વડોદરા મુકામે પત્રકાર પરિષદ સંબોધી હતી. જેમાં માનવ હકકો માટે જાગૃત થવા દરેક માનવને જણાવ્યું હતું. દલસુખભાઈ પ્રજાપતિ વડોદરાના માજી મેયરને માજી ધારાસભ્યને ગુજરાત પ્રદેશ હ્યુમન રાઈટસ એસોસીએશન ચેરમેન પદે નિયુકત કર્યા હતા.

શ્રી રાજેશભાઈ પ્રજાપતિ દ્વારા દલસુખભાઈ પ્રજાપતિનું સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડોદરાના રાજકીય મહાનુભાવો, સામાજિક કાર્યક્રરો ઉપસ્થિત રહ્યા હતા.

દલસુખભાઈ પ્રજાપતિએ શ્રી ડેવીડ રાજનો આભાર માન્યો હતો. માનવ અધિકારોનું શોષણ તથા અન્યાય સામે લડવા અનુરોધ કરેલ હતો.

રમેશભાઈ પ્રજાપતિએ આભાર વ્યક્ત કરેલ હતો.

## શબ્દાવલી - ૪૮૦૩



**આડી ચાવી**

૧. વ્યથા કે દુઃખથી ઘેરાયેલું (૩)
૩. ડૂબેલું, તલ્લીન (૪)
૬. અવાજ, શૉર (૪)
૭. માલ-તાકાત વગરના (૩)
૯. મિલ્કત, સંપત્તિ (૨)
૧૦. ટાઈલ્સ (૨)
૧૧. બિમાર માણસને અપાતો પ્રવાહી જેવો ખોરાક (૨)
૧૨. ... ઉધારનો હિસાબ રાખવો જોઈએ (૨)
૧૪. જથ્થો, વસ્તુનું વધારે પ્રમાણ (૨)
૧૫. યોગ કરે તેને ... કહેવાય (૨)
૧૮. દાડમ (૩)
૧૯. જુસ્સો, હિંમત (૨)
૨૧. ભગવાન (૨)
૨૨. કસમ, સમ (૩)

**ઊભી ચાવી**

૧. કુટેવ (૩)
૨. જલ્દી તુટી જાય તેવું (૪)
૩. પીળા ફૂલવાળું એક વૃક્ષ (૪)
૪. અવાજ (૨)
૫. વચનથી બંધાયેલું (૫)
૮. ધનાઢ્ય, માલદાર (૪)
૯. પૃથ્વી, જમીન (૨)
૧૨. હવાલદાર, રખેવાળી કરનાર (૪)
૧૩. આવજો, બાય-બાય (૪)
૧૬. '...' માં પ્રાણીઓનું અભ્યારણ્ય છે, સાંસણ (૨)
૧૭. સંયોગ, જોગ... (૩)
૨૦. સારા નરસા વિચારો... માં જ રખાય (૨)

### શબ્દાવલી ૪૮૦૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) બાગડોર (૪) પાટણ (૬) મણ (૭) ઘસરકો (૯) લાપરવાહ (૧૦) રન (૧૨) ઈતિ (૧૩) ટન (૧૫) શીખળણી (૧૮) વખત (૨૦) લવરી (૨૧) ગુલાલ (૨૨) યાન (૨૪) સસલું (૨૫) નળીયું


**ઊભી ચાવી :-** (૧) બામલાઈ (૨) ગણપતિ (૩) રઘવાટ (૪) પાર (૫) ટકોર (૮) સહનશીલતા (૧૧) નગુણી (૧૪) સંતલસ (૧૬) ખવ (૧૭) વરીયાળી (૧૮) વગુ (૧૯) ખલાસી (૨૩) નયુ

# લોકમંત્રનો બૂરખો પહેરીને અલોકતાંત્રિક તરીકાથી જૂઠ્ઠાણાં ફેલાવતા પરિબળોને ઓળખો : નરેન્દ્ર મોદી

### કેન્દ્રની કોંગ્રેસ સલ્તનત ગૌમાંસ ઉત્પાદન અને નિકાસની પિન્ક રિવોલ્યુશન નીતિ સામે નરેન્દ્રભાઈ મોદીની આકરી આલોચના

ગાંધીનગર, તા. ૨૯

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે અમદાવાદમાં તરૂણ ક્રાંતિ પુરષ્કાર એનાયત કરતા કેન્દ્રની કોંગ્રેસ શાસિત સલ્તનત માંસ-મટન અને ગૌવંશની કતલ માટેની નિકાસ પ્રોત્સાહક એવી પિન્ક રિવોલ્યુશનની ભારતીય સંસ્કૃતિથી વિરૂધ્ધ એવી ગુલાબી ક્રાંતિનો નિર્ધાર કરીને આગળ વધી રહી હોવાનો આક્રોશ વ્યકત કર્યો હતો.




તેમણે જણાવ્યું કે ભારતને દુનિયાનું સૌથી મોટુ ગૌમાંસ નિકાસકાર બનાવવા અને આધુનિક કતલખાના માટે રૂા.૧૫ કરોડની સબસીડી આપવાની અધિકૃત નીતિ કેન્દ્રની કોંગ્રેસ શાસિત યુ.પી.એ. સરકારે અમલમાં મૂકી છે.

જૈન દિગમ્બર મૂનિ તરૂણ સાગરજી મહારાજના ચાતુર્માસ નિમિત્તે સકલ જૈન સમાજના ઉપક્રમે તરૂણક્રાંતિ પુરષ્કાર અર્પણ વિધિ સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મંત્રીશ્રીના હસ્તે યોગગુરૂ બાબા રામદેવ, લોકમત પત્રિકા સમૂહના શ્રી વિજય દરડા તથા જૈન આંતરરાષ્ટ્રીય સંસથા જીતોને આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

દિલ્હીમાં કોંગ્રેસ શાસિત યુપીએ સલ્તનત ગાયો અને ગૌવંશની કતલ માટે પ્રોત્સાહનો આપીને અને ગૌવંશ પશુઓનો ગેરકાયદે વાયા બાંગ્લાદેશ વિદેશોના કતલખાનાઓમાં નિકાસ કરવાની વ્યવસ્થામાં સહયોગ આપીને દેશની ગૌરક્ષા અને ભારતીય સંસ્કૃતિની ધોર ખોદી રહી છે એમ આક્રોશપૂર્વક મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ગુજરાતે દૂધની અને કપાસની શ્વેતક્રાંતિ કરી (વ્હાઈટ રિવોલ્યુએશન) અને હરિયાણા, પંજાબ જેવા રાજ્યોએ હરિત- કૃષિક્રાંતિ (ગ્રાન રિવોલ્યુશન) કરીને માનવજાતને ઉપકારક ક્રાંતિનો માર્ગ લીધો છે ત્યારે હવે હાલની કેન્દ્રની કોંગ્રેસ શાસિત યુપીએ સરકાર (પિન્ક રિવોલ્યુશન)-ગુલાબી ક્રાંતિના રૂપાળા નામે માંસ-મટનની નિકાસ અને એની પેદાશોના ઉત્પાદનને પ્રોત્સાહન આપતી જીવદયા અને સંસ્કૃતિ વિરોધી નીતિ આગળ ધપાવી રહી છે એવી સ્પષ્ટ આલોચના મુખ્યમંત્રીશ્રીએ કરી હતી.



શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે દિલ્હીમાં એવી સરકાર બેઠી છે જેણે ગૌમાંસનું ઉત્પાદન કરવા કતલખાનાઓના આધુનિકરણ માટે પંદર કરોડ રૂપિયાની સબસીડી આપવાની નીતિ અમલમાં મૂકી છે. સત્તાવાર રીતે ભારત સરકારની ફૂડ પ્રોસેસિંગ મીનિસ્ટ્રીની વેબસાઈટનો ઉલ્લેખ કરી તેમણે જણાવ્યું કે અધિકૃત ધોરણે ગૌમાંસના રૂપમાં માંસ મટનની નિકાસ કરનારાને પ્રોત્સાહન આપનારી દિલ્હીની કોંગ્રેસ સલ્તનતના ઈરાદા તો ૨૦૧૨માં હિન્દુસ્તાન માંસ-મટનની નિકાસમાં વિશ્વમાં સૌપ્રથમ સ્થાને આવી જાય એવી છે. ગૌમાંસની વિકાસ અને ગાયો-ગૌવંશની ગેરકાયદે વિદેશમાં નિકાસ કરવાનું મોટા પાયે બાંગલાદેશ સાથે ષડયંત્ર થયેલું છે, લાખો લાખો દૂધાળા ગાય ગૌવંશને કતલખાને મોકલી દેવાય છે, ગૌમાંસની નિકાસનું વિશ્વમાં સૌથી મોટુ ઉત્પાદક ભારતને બનાવવા દિલ્હીની કોંગ્રેસ સલ્તનત નિર્ધાર કરીને બેઠી છે. ભારતની ગૌરક્ષા માટે ગુજરાતની વર્તમાન સરકારે ચાર-ચાર ન્યાયિક સંઘર્ષ કરીને સર્વોચ્ચ અદાલતમાંથી ગૌરક્ષા કાનૂન મંજૂર કરાવ્યો છે એમ તેમણે જણાવ્યું હતું.

માંસ મટન ખાવાથી શરીરની જઠરાગ્ની ચિતા બની જાય છે જ્યારે શાકાહારીથી જઠરાગ્ની યજ્ઞ જેવી દેદિપ્યમાન રહે છે એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ એક વ્યકિત શાકાહારી બનીને વર્ષે દોડ મેટ્રીક ટન કાર્બન ડાયોકસાઈડનું ઉત્સર્જન રોકી શકે છે તેની ભૂમિકા આપી હતી. લોકતંત્રનો બૂરખો પહેરીને અલોકતાંત્રિક તરીકાથી રાજનીતિને વિકૃત બનાવનારા પરિબળોથી દેશને ચેતવાની જરૂર છે.




પ્રાંતિજ નેશનલ હાઈવે પર આવેલ શ્રી માર્કન્ડેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા દર માસે સેવાભાવી દાતાઓ થકી લાડુ બનાવીને પ્રાંતિજ તેમજ આજુબાજુના ગામડામાં જઈને કુતરાઓને લાડુ ખવડાવામાં આવે છે. આ સેવાભાવી કાર્ય વર્ષ ૨૦૧૦થી અવિરત પણે ચાલુ છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## દશામાંની સાઢણીઓનું બનાસ નદીમાં વિસર્જન કરાયું

ડીસા, તા. ૨૯

દશામાં ના વ્રતની શનિવારના રોજ જાગરણ કરી વ્રતધારી મહીલાઓ એ આખીરાત માતાજીનું ઝાગરણ કરી દશામાની સાઢણીની ડીસાની બનાસનદી પટમાં વિસર્જન કરયું હતી..

દુખીયા ઓની બેલી એવી દશામાં ના વ્રત શનિવારનાં રોજ પુરા થતા વ્રતધારી મહીલાઓ એ રેલ્વે સ્ટેશનમાં આવેલા તેમજ રાજપુર લોધવાસમાં આવેલા દસામાંના મંદીરે દર્શન કરવા માટે પડાપડી કરી હતી અને આખી રાત માતાજીના ગરબા તેમજ વિવિધ અયોજનો કરી જાગરણ કરી વહેલી સવારે માતાજીની પુજા, આરતી કરી માતાજીને માથા પર ઊપાડી વાજતે-ગાજતે માતાજીને ડીસાની બનાસનદીના પટમા વિસર્જન કરવા માટે આવિ હતી,

જોકે આ વર્ષે પણ બનાસ નદીમાં પાણી ન હોવાથી આખોલ ગામે આવેલા પાણીના ટાંકા માંથી પાણી છોડી દશામાંની સાઢણીઓની વીસર્જનની વ્યવસ્થા કરવામાં આવી હતી અને વ્રતધારી મહીલાઓની ભારે ભીડ હોવાથી ડીસા તાલુકા પોલીસનાં પી.આઈ. બી.એલ.પાટીલ તથા તાલુકા પોલીસનો સ્ટાફ ખડે પગે ઊભા રહી ટ્રાફીક વ્યવસ્થા તેમજ ચુસ્ત પોલીસ બદોવસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો તેમજ આખેલ ગામના વાસીઓ પણ આ બદોવસ્તમાં જોડાયા હતા.

ડીસા તાલુકા તેમજ ડીશા શહેરની વ્રતધારી મહીલાઓ ની આજે સવારે બનાસનદીના પટમાં ભરે ભીડ જોવા મળી હતી તેમજ દશામાની સાઢણીનું વિસર્જન કરતી મહીલાઓ નજરે જોવા મળી હતી.

# મધુર ડેરીમાં વિજેતા ચેરમેને દૂધ ઉત્પાદકોને ભાવ વધારો આપ્યો

ગાંધીનગર, તા.૨૯

મધુર ડેરીનાં ચેરમેનશ્રી ડૉ. શંકરસિંહ રાણાએ જણાવ્યું છે કે દૂધ વાપરાનાર ગ્રાહકોની ખરીદીથી મધુર ડેરીને મળતી દૂધની રકમ વધુને વધુ દૂધ ઉત્પાદકોને મળે, એ મારી અને નિયામક મંડળનાં સાથી સભ્યોની નેમ રહી છે એટલું જ નહિ પણ તેનો અમલ પૂર્ણ રીતે કરવા અમો સદા કટીબધ્ધ રહીએ. સતત ચોથીવાર મને અને મારી પેનલમાં મૂકેલા વિશ્વાસને ઉજાગર કરવા જઈ રહ્યાં છીએ.

દિન પ્રતિદિન વધી રહેલી મોંઘવારીથી દૂધ ઉત્પાદકો આર્થિક રીતે મુશ્કેલીમાં મૂકાઈ રહ્યાં છે તેમજ પશુ-આહારના ખાણદાણ, પાપડી, ઘાસ-પૂળા વગેરેમાં અતિશય વધારો થયો છે ત્યારે દૂધ ઉત્પાદકોને દૂધનાં પોષણક્ષમ ભાવ ન મળે તો પશુપાલકો આર્થિક રીતે તૂટી પડે અને દૂધ ઉત્પાદનના વ્યવસાયમાંથી અલિપ્ત થાય તે સ્વાભાવિક બાબત છે. વળી મધુર ડેરીનું નિયામક મંડળ દૂધનું ઉત્પાદન વધે અને દૂધ ઉત્પાદકોને તેમનાં દૂધનાં પોષણક્ષણ ભાવો મળી રહે, તે માટે સદા જાગ્રત રહે છે. આથી જ તાજેતરમાં યોજાયેલ ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ની ચૂંટણીમાં ડૉ. શંકરસિંહ રાણાની પ્રગતિ પેનલનો ભવ્ય વિજય થયો છે તે સંદર્ભે ડૉ. શંકરસિંહ રાણાની પ્રગતિ પેનલના નેજા હેઠળ દૂધ ઉત્પાદકોને દૂધનાં ભાવ વધુ મળે તે માટે દૂધ ઉત્પાદકોને એક કિલો ફેટના રૂ. ૪૮૦ આપવામાં આવે છે તે વધારીને તા. ૧-૮-૨૦૧૨ના દિવસથી રૂ. ૫૦૦ આપવાનું મધુર ડેરીનાં નિયામક મંડળે નક્કી કરેલ છે.

દૂધ ખરીદીનાં ભાવમાં વધારો આપવાથી દૂધ ઉત્પાદકોમાં આનંદનું મોજું ફરી વળ્યું છે ત્યારે ડૉ. શંકરસિંહ રાણા જણાવે છે કે દૂધ ઉત્પાદકો તો ગાંધીનગર જિલ્લા દૂધ સંઘરૂપી સંયુકત કુટુંબમાંના સભ્યો છે ત્યારે તેમને દૂધના પોષણક્ષમ ભાવ અપાવવા અને દૂધ ઉત્પાદકોનું હિત અમારા હૈયે ધારણ કરવા સદા જાગૃત રહીશું.